ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નડિયાદ શહેરના ખેતા તળાવ વોક-વેમાં સુવિધાનો અભાવ, સંચાલનમાં બેદરકારી

બગીચાના સાધનો ભંગાર હાલતમાં ફેરવાયા, વોક-વે પર કચરાના ઢગલાથી ચાલકો પરેશાન

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૫

નડિયાદ મહાનગરપાલિકાના સત્તાધીશોની ઉદાસીનતા અને અધિકારીઓની અણઆવડતનો ભોગ ખેતા તળાવનો વોક-વે બન્યો છે. શહેરની મધ્યમાં આવેલા આ વોક-વે પર ગંદકી અને રખડતા પશુઓનો ત્રાસ હોવાથી નાગરિકો ત્રસ્ત છે. જાળવણીના નામે કોઈ આયોજન ન હોવાથી સમગ્ર પરિસરની માવજત કથળી છે.

અહી રોજબરોજ સેંકડોની



સંખ્યામાં નાગરિકો ચાલવા અને સ્વાસ્થ્યની જાળવણી માટે આવે છે. પરંતુ તંત્ર દ્વારા પીવાના પાણીની કોઈ જ વ્યવસ્થા ઉભી કરવામાં આવી નથી. યોગ્ય સંખ્યામાં કચરાપેટી ન હોવાથી લોકો કચરો વોક-વે અને તળાવમાં ફેંકી રહ્યા છે. આખા પરિસરમાં ઘાસ ઉગી નીકળ્યુ છે અને નિયમિત સફાઈનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. વોક-વેના બ્લોક પર રખડતા શ્વાન ઘુસી જતા હોવાથી અને તેમના દ્વારા થતી ગંદકીના કારણે ભારે દુર્ગંધ ફેલાયેલી રહે છે. આટલી મોટી જગ્યા હોવા છતાં લાઈટિંગની વ્યવસ્થા અત્યંત જૂનવાણી છે. 1 સુંદર આયોજન દ્વારા આધુનિક લાઈટિંગ કરીને જગ્યાને વધુ આકર્ષક બનાવી શકાય તેમ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ રસ દાખવવામાં આવતો નથી.

તળાવમાં ચોખ્ખા પાણીના સંગ્રહની વ્યવસ્થા જ નથી

તળાવની સાચી સુંદરતા તેમાં ભરાયેલા શુદ્ધ અને ચોખ્ખા પાણીથી જ નીખરતી હોય છે. ખેતા તળાવમાં 365 દિવસ એક ચોક્કસ લેવલ સુધી ચોખ્ખુ પાણી સંગ્રહિત રહે તે પ્રકારની કોઈ જ વ્યવસ્થા તંત્ર દ્વારા ગોઠવવામાં આવી નથી. ચોમાસા દરમિયાન જમા થયેલુ વરસાદી પાણી થોડા જ સમયમાં ઓસરી જાય છે. ત્યારબાદ તળાવમાં માત્ર શહેરની ગટરોના અત્યંત પ્રદૂષિત અને દુર્ગંધયુક્ત પાણીનો જ ભરાવો રહે છે. સ્વચ્છ પાણીના અભાવે અને દુર્ગંધ મારતા ગંદા પાણીના સામ્રાજ્યથી તળાવની શોભા સાવ નષ્ટ થઈ ચુકી છે. સત્તાધીશોની લાપરવાહીના કારણે નાગરિકોને ચોખ્ખા પાણીથી ભરાયેલા નયનરમ્ય તળાવનો લાભ મળતો નથી.

વાતાવરણ બગીચામાં બાળકોના રમતગમતના સાધનો લાંબા સમયથી બિસ્માર હાલતમાં ફેરવાયેલા છે. વિકાસના નામે નક્કર કોઈ ફેરફાર જોવા મળતો નથી અને માત્ર ગ્રાન્ટના નાણાં વેડફાઈ રહ્યા હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે. અહી આવતા નાગરિકોમાં આ બાબતે તંત્ર સામે ઘેરો અસંતોષ વ્યાપેલો છે.

નડિયાદના બિલોદરા ખાતે શેઢી નદી કાંઠે છઠ્ઠ પૂજાની ભવ્ય ઉજવણી





નડિયાદના બિલોદરા ખાતે આવેલ શેઢી નદીના કિનારે બિહારી યુવા ગ્રુપ મંડળ દ્વારા છઠ્ઠ પૂજાની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે મોટી સંખ્યામાં ભાવિકોએ શ્રદ્ધાભેર સૂર્યદેવની આરાધના કરી હતી. નદી કિનારે છઠ્ઠ પૂજાનું આ ભવ્ય આયોજન આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

ગોબલજ ટ્રક પાછળ મોટરસાયકલ અથડાતા બાઈક ચાલકનું મોત નિપજ્યું

ખેડા જિલ્લામાં અકસ્માતના બે બનાવમાં એકનુ મોત, ૪ ઈજાગ્રસ્ત

વડાલા પાટીયા નજીક બે મોટરસાયકલ અથડાતા ચાર લોકોને ઈજા

(પ્રતિનિધિ) નડીયાદ, તા.૧૫

નેશનલ હાઈવે નંબર ૪૮ પર ગોબલજ કોકાકોલા સામે ટ્રક પાછળ મોટરસાયકલ અથડાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકનું મોત નિપજ્યું હતું જ્યારે બીજા બનાવમાં વડાલા પાટિયા સર્વિસ રોડ ઉપર બે મોટર સાયકલ અથડાતા ચાર ને ઈજા થઈ હતી. આ બનાવ અંગે ખેડા ટાઉન પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવ્યો છે.

ભરૂચ જિલ્લાના કુવાદર નવી નગરીમાં રહેતા જેસીંગભાઈ મોતીભાઈ ઓડના દીકરા ધ્રુવીલની અમદાવાદ વેજલપુર તાલુકાના આશાપુરી ગામે મનિષાબેન સાથે સગાઈ કરી હતી. ધૃવિલ ગઈકાલે મોટરસાયકલ લઈ નેશનલ હાઈવે નંબર ૪૮ પર થઇ પોતાની સાસરીમાં પત્નીને મોબાઈલ આપવા જતો હતો. આ દરમિયાન ગોબ્લજ કોકાકોલા કંપની સામે રોડની સાઈડમાં ઉપયોગી ટ્રક પાછળ મોટરસાયકલ અથડાતા બાઈક ચાલક ધ્રુવીલ ઉંમર વર્ષ ૨૪ નું માથામાં તેમજ શરીર ઉપર ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. આ અકસ્માત સર્જાતા આજુબાજુના લોકોએ દોડી આવી ૧૦૮ મારફત મૃતક ની લાસને ખેડા સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. આ ઉપરાંત ખેડા તાલુકાના મહીજ ગામમાં રહેતા લલ્લુ સકરાભાઈ પરમાર તા.૧૩ મી ની રાત્રે મોટરસાયકલ પર પડોસમાં રહેતા માણેકબેન કારાભાઈ પરમારને બેસાડી તેમના સંબંધીની ખબર ખેડા હોસ્પિટલમાં ગયા હતા.

જ્યાંથી તેઓ રાત્રે પરત ઘરે જઈ રહ્યા હતા ત્યારે ધોળકા ચોકડીથી વડાલા પાટીયા સર્વિસ રોડ પર સામેથી આવતી મોટરસાયકલ અથડાતા બાઈક ચાલક લલ્લુભાઈ પરમાર, માણેકબેન પરમાર તથા અકસ્માત સર્જનાર બાઈક ચાલક તેમજ પાછળ બેઠેલ ઈસમને ઈજા થઈ હતી.આ બંને બનાવ અંગે ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

આણંદમાં પૂ.જલારામબાપાની ૨૨૭મી જન્મજયંતિ ઉજવાશે

સાંજે ૬ કલાકે ૧૦૮ દીવાની મહાઆરતી યોજાશે : રાત્રે ૯ કલાકે ભજન કાર્યક્રમનું આયોજન

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૫

આણંદમાં પૂજ્ય જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે આગામી તા. ૧૬ નવેમ્બર સોમવારના રોજ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

દાતાઓના સહયોગથી યોજાનારા આ કાર્યક્રમમાં દિવસ દરમિયાન વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે આરતી, મહાપ્રસાદ અને ભજન-કીર્તનનું આયોજન કરાયું છે. જન્મજયંતિ નિમિત્તે સવારે ૭ કલાકે આરતી પૂજન અર્ચન કરાશે. સવારે ૧૧ કલાકે આરતી યોજાશે. સાંજે પકલાકે આશરે ભક્તો સાથે કેકનું વિતરણ કરાશે. સાંજે ૬ કલાકે ભાવિકો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું છે, દિવસ દરમિયાન જલારામ બાપાના દર્શનાર્થે આવતા ભક્તોને બુંદી-ગાંઠિયાનું વિતરણ કરવામાં આવશે. સમગ્ર દિવસ દરમિયાન ભક્તિમય માહોલ જળવાઈ રહે તે માટે ડીજેની વ્યવસ્થા પણ કરાઈ છે.

દરેક આરતીના સમયે દાતાઓ દ્વારાસેવા અર્પણ કરવામાં આવશે. સાંજે ૬કલાકે ૧૦૮ દીવાની મહાઆરતી યોજાશે. રાત્રે ૯ કલાકે ભજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, આમ, જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે આણંદમાં ભક્તિ સાથે માનવસેવા અને અન્નદાનની પ્રવૃત્તિઓ દ્વારા જન્મોત્સવની ઉજવણી કરાશે.

અજાણ્યા વાહનચાલકે પૂરઝડપે હંકારી જોરદાર ટક્કર મારી

ખાનપુરના ફતાજીના ભેવાડા પાસે કરિયાણું લેવા જતા મહિલાનું મોત

(પ્રતિનિધિ) ખાનપુર, તા.૧૫

મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના ફતાજીના ભેવાડા ગામે શુક્રવારે સાંજે એક અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા ૫૪ વર્ષીય મહિલાનું કરુણ મોત નીપજ્યું છે. અકસ્માત સર્જ્યા બાદ વાહનચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ મામલે બાકોર પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, ફતાજીના ભેવાડા ગામના મુડી ફળિયામાં રહેતા હિનાબેન લાલાભાઈ પટેલીયાએ બાકોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમના પતિ અને સસરાનું અગાઉ અવસાન થઈ ચૂક્યું હોવાથી તેઓ તેમના સાસુ લલીતાબેન પુનાભાઈ પટેલીયા (ઉ.વ. ૫૪) અને ત્રણ સંતાનો સાથે રહે છે. શુક્રવાર, તારીખ ૧૩/૧૧/૨૦૨૬ના રોજ સાંજે આશરે ૬:૩૦ વાગ્યે લલીતાબેન ગામની દુકાને કરિયાણાનો સામાન લેવા માટે નીકળ્યા હતા.

રાત્રે ૮:૦૦ વાગ્યા સુધી લલીતાબેન ઘરે પરત ન ફરતા તેમના પુત્રવધૂ હિનાબેન, નણંદ દક્ષાબેન અને પુત્ર પ્રકાશ તેમની શોધખોળ કરવા નીકળ્યા હતા. દરમિયાન, ફતાજીના ભેવાડા ગામે ઈંટોના ભઠ્ઠા નજીક લીમડીયાથી ખાનપુર તરફ જતા રોડની કિનારી પર લલીતાબેન લોહીલુહાણ હાલતમાં પડેલા મળી આવ્યા હતા. કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં લલીતાબેનને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.

પરિવારજનોએ તુરંત પોલીસ હેલ્પલાઈન નંબર ૧૧૨ પર જાણ કરતા પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે બાકોર સરકારી દવાખાને ખસેડ્યો હતો. બાકોર પોલીસે અકસ્માત કરનાર અજાણ્યા વાહન ચાલક સામે ગુનો દાખલ કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વિવિધ બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ ૪૩૮ જપ્ત

મહેમદાવાદ પોલીસે વિદેશી દારૂ સાથે બૂટલેગરને ઝડપી પાડ્યો

વિદેશી દારૂ તેમજ રોકડ મળી કુલ રૂ. ૧,૬૩,૩૨૦ના મુદ્દા માલ જપ્ત

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧૫

મહેમદાવાદ પોલીસે ગઈકાલે સાંજે મહેમદાવાદ વેરાઈ માતાના મંદિર સામેથી છાપરામાંથી વિદેશી દારૂ તેમજ રોકડ મળી કુલ રૂ. ૧,૬૩,૩૨૦ના મુદ્દા માલ સાથે બુટલેગરને ઝડપી પાડ્યો હતો. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

મહેમદાવાદ પોલીસ ગઈકાલે સાંજે પેટ્રોલીંગમાં નીકળી હતી.આ દરમિયાન બાતમી મળેલ કે મહેમદાવાદ વેરાઈ માતા મંદિર વિસ્તારના પરામાં રહેતો અશોક સનાભાઇ સોઢા પરમાર ખોડીયાર ટી સ્ટોલની બાજુમાં છાપરામાં વિદેશી દારૂ સંતાડી રાખી છૂટક વેચાણ કરે છે જેથી પોલીસે રેડ પાડતા સ્થળ ઉપરથી મળી આવેલ ઈસમની અટક કરી પૂછપરછ કરતા અશોક સોઢા પરમાર હોવાનું જણાવ્યું હતું.

મહેમદાવાદ પોલીસે છાપરામાં તલાસી લેતા જુદી જુદી બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ ૪૩૮ કિંમત રૂ.૧,૩૪,૮૨૦ તેમજ રોકડ રૂ. ૧,૫૦૦ મળી કુલ રૂ.૧,૩૬,૩૨૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

ઐતિહાસિક સ્મૃતિઓને જીવંત રાખવાના હેતુથી વિકસાવવામાં આવેલા માર્ગની હાલત શોભાના ગાંઠિયા સમાન

ઐતિહાસિક દાંડી માર્ગની આસપાસ કચરો અને ગંદકી થતાં રોષ, જાળવણીના અભાવે દુર્દશા

દેદરડા નજીક ઝાડી-ઝાંખરાં અને કચરાના ઢગલાથી માર્ગની શોભા ઝાંખી પડી, જવાબદાર તંત્ર સામે સ્થાનિકોમાં રોષ

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૫

દેદરડા ગામ નજીકથી પસાર થતા ઐતિહાસિક દાંડી માર્ગની આસપાસ સ્વચ્છતા અને જાળવણીના અભાવે તેની દુર્દશા જોવા મળી રહી છે. માર્ગની બંને તરફ ઝાડી-ઝાંખરાં ઊગી નીકળ્યાં છે, જ્યારે અનેક સ્થળોએ કચરાના ઢગલા ખડકાતાં સમગ્ર વિસ્તારની સુંદરતા ઝાંખી પડી રહી છે. સ્વાતંત્ર્ય સંગ્રામની



ઐતિહાસિક સ્મૃતિઓને જીવંત રાખવાના હેતુથી વિકસાવવામાં આવેલા આ માર્ગની હાલત જોતાં તે શોભાના ગાંઠિયા સમાન બની રહ્યો હોવાની લાગણી સ્થાનિકોમાં જોવા મળી રહી છે.

દાંડી યાત્રા અને મીઠા સત્યાગ્રહ સાથે સંકળાયેલો આ માર્ગ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. મહાત્મા ગાંધીજીની ઐતિહાસિક દાંડી યાત્રાની સ્મૃતિ સાથે જોડાયેલા આ માર્ગને પ્રવાસીઓ અને ઈતિહાસપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જોકે, હાલમાં માર્ગની આસપાસ સફાઈના અભાવે કચરાના ઢગલા અને ઊગી નીકળેલાં ઝાડી-ઝાંખરાં ઐતિહાસિક વારસાની ગરિમાને ઝાંખી પાડી રહ્યાં છે.

કેન્દ્ર સરકાર હસ્તકના આ માર્ગની યોગ્ય દેખરેખ અને નિયમિત સફાઈ થાય તે અત્યંત જરૂરી છે. માર્ગની આસપાસ ફેલાયેલી ગંદકી અને વનસ્પતિને કારણે અવરજવર કરવામાં પણ મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. ઐતિહાસિક વારસાની જાળવણીની વાતો વચ્ચે સ્થળની આવી સ્થિતિ પ્રવાસીઓ તેમજ સ્થાનિક લોકોમાં નારાજગી વ્યાપી છે. સદર દાંડી માર્ગનું તંત્ર દ્વારા વહેલી તકે યોગ્ય નિરાકરણ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ પ્રવર્તી રહી છે.

નવાખલની સીમમાં જુગાર રમતા ૭ શખ્સો ઝડપાયા

(પ્રતિનિધિ) આણંદ, તા.૧૫

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના નવાખલ ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં પત્તા-પાનાનો જુગાર રમતા સાત શખ્સોને આંકલાવ પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ સહિત કુલ ૬,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આંકલાવ પોલીસ સ્ટાફના માણસો વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન નવાખલ ચોકડી તરફ જતા સંયુક્ત બાતમી મળી હતી કે નવાખલ જોરીયાદેવ સીમમાં આર.સી.બી. ઈંટોના ભઠ્ઠા પાસે આવેલા ચરા વિસ્તારમાં કેટલાક ઈસમો ભેગા મળીને હાર-જીતનો જુગાર રમી રહ્યા છે.

બાતમીના આધારે પોલીસે બે પંચોને સાથે રાખીને બપોરે ૧: ૦૦ થી ૨:૦૦ વાગ્યાના અરસામાં બાતમીવાળા સ્થળે કોર્ડન કરી દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી, જેમાં કેટલાક શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા, જ્યારે પોલીસે સ્થળ પરથી સાત શખ્સોને દબોચી લીધા હતા.

પકડાયેલા આરોપીઓમાં વિનુ ચંદુભાઈ ઠાકોર, રઈજી નાન જીભાઈ ઠાકોર, રમેશ અંબાલાલ ઠાકોર, પ્રકાશ ગોપાલભાઈ ઠાકોર, જગદીશ જીલુભાઈ સિંન્ધા, સંજય ચંદુભાઈ પરમાર અને કનુ ખોડાભાઈ ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે પકડાયેલા શખ્સોની અંગઝડતીમાંથી ૪,૪૦૦ તથા દાવ પરથી ૨,૧૦૦ મળી કુલ ૬,૫૦૦ની રોકડ અને ૭૮ નંગ પત્તા-પાના કબજે કરી તમામ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

૧૦ દિવસમાં એસટીની ૨૩૫૦ ટ્રીપમાં ૭૯ હજારથી વધુ મુસાફરોએ પ્રવાસ કર્યો

નડિયાદ વિભાગના ૧૧ ડેપોએ ૩.૬૬ લાખ કિ.મી.નું અંતર કાપી રૂ.૧.૧૭ કરોડની આવક

(પ્રતિનિધિ) નડીયાદ તા.૧૫

ચરોતર પંથકમાં દિવાળીના તહેવારો અને વેકેશન દરમિયાન મુસાફરોની અવરજવરમાં વધારો થતાં એસ.ટી. નિગમ દ્વારા વધારાની બસોનું સંચાલન કરવામાં આવ્યું હતું. નડિયાદ વિભાગીય કચેરી હેઠળના ૧૧ ડેપો દ્વારા તા.૪ નવેમ્બરથી દસ દિવસ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં કુલ ૨૩૫૦ ટ્રીપ દોડાવી ૭૯,૦૭૨ મુસાફરોને પરિવહન સેવા પૂરી પાડવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન એસ.ટી. બસોએ કુલ ૩,૬૬,૯૨૮ કિલોમીટરનું અંતર કાપીને રૂ.૧,૧૭,૩૯,૦૦૦ની આવક મેળવી હતી.

ડેપોવાર કામગીરીમાં ડાકોર ડેપો ૪૮૦ ટ્રીપ સાથે પ્રથમ ક્રમે રહ્યો હતો. જ્યારે ખેડા ડેપોએ ૩૫૮ અને નડિયાદ ડેપોએ ૩૩૪ ટ્રીપનું સંચાલન કર્યું હતું. આવકની દૃષ્ટિએ નડિયાદ ડેપો રૂ.૧૬.૭૧ લાખ સાથે પ્રથમ ક્રમે રહ્યો હતો. બાલાસિનોર ડેપોએ રૂ.૧૫.૩૮ લાખ અને ખેડા ડેપોએ રૂ.૧૫.૧૦ લાખની આવક મેળવી હતી.

મુસાફરોની સંખ્યામાં પણ ડાકોર ડેપો ૧૫,૨૯૭ મુસાફરો સાથે મોખરે રહ્યો હતો. આમ, તહેવારોના દિવસોમાં મુસાફરોને સુવિધાજનક પરિવહન સેવા પૂરી પાડવાની સાથે નડિયાદ વિભાગના એસ.ટી. તંત્રને પણ નોંધપાત્ર આવક થઈ હતી.

સૌથી વધુ 358 બસરૂટ ખેડા ડેપો દ્વારા સંચાલન કરાયા

બોરસદ ડેપોમાંથી ૧૫૪ ટ્રીપો દોડાવીને એસટી બસોએ ૩૦, ૨૨૨ કિલોમીટરનુ અંતર કાપી ૪૩૮૪ મુસાફરોનુ પરિવહન કરાવીને ૮,૩૨,૬૭૩ રૂપિયાની આવક મેળવી છે. તેવી જ રીતે ડાકોર ડેપોમાંથી ૪૮૦ ટ્રીપો દોડાવીને એસટી બસોએ ૪૨૭૯૩ કિમીનો પ્રવાસ માર્ગ ખેડી ૧૫૨૯૭ મુસાફરોને અવરજવર કરાવીને ૧૩,૨૩,૮૦૬ રૂપિયાની ઈન્કમ મેળવી છે. કપડવંજ ડેપોમાંથી ૧૪૩ ટ્રીપો દોડાવીને એસટી બસોએ ૨૯૦૮૪ કિલોમીટરનુ અંતર કાપી ૫૯૫૦ મુસાફરોનુ પરિવહન કરાવીને ૯,૬૯,૮૧૩ રૂપિયાની આવક મેળવી છે. તદુપરાંત ખંભાત ડેપોમાંથી ૧૫૧ ટ્રીપો દોડાવીને એસટી બસોએ ૨૯૦૧૪ કિમીનો પ્રવાસ માર્ગ ખેડી ૬૦૭૮ યાત્રિકોને અવરજવર થકી ૮,૩૪,૭૦૬ રૂપિયાની ઇન્કમ મેળવી છે. ખેડા ડેપોમાંથી ૩૫૮ ટ્રીપો થકી એસટી બસોએ ૪૪૦૯૧ કિમીનો પ્રવાસ ખેડી ૧૦૬૬૮ મુસાફરોને સુરક્ષિત અવરજવર કરાવીને ૧૫,૧૦,૧૫૧ ની ઈન્કમ મેળવી છે. મહેમદાવાદ ડેપોમાંથી ૨૧૭ ટ્રીપો દોડાવીને એસટી બસોએ ૪૭૧૧૦ કિમીનું અંતર કાપી ૭૪૩૧ મુસાફરોનુ પરિવહન કરાવીને ૧૪,૦૨,૫૧૧ રૂપિયાની આવક મેળવી છે. નડિયાદ ડેપોમાંથી ૩૩૪ ટ્રીપો દોડાવીને એસટી બસોએ ૫૦૭૬૨ કિમીનો પ્રવાસ ખેડી ૧૧૩૬૬ મુસાફરોને અવરજવર કરાવીને ૧૬,૭૧,૪૨૩ ની ઈન્કમ મેળવી છે.પેટલાદ ડેપોમાંથી ૧૩૨ ટ્રીપો થકી એસટી બસોએ ૨૪૬૩૦ કિમીનુ અંતર કાપીને ૩૧૫૫ યાત્રિકોનુ પરિવહન કરાવીને ૭,૯૧,૪૮૪ રૂપિયાની આવક રળી લીધી છે. જ્યારે માતર ડેપો માંથી ૧૩ ટ્રીપો દોડાવીને ૧૬૬૭ કિ.મી કાપીને ૫૫૮ મુસાફરોનું પરિવહન કરીને ૪૭૦૪૫ રૂપિયાની આવક થઈ છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225